@ગાંધીનગર

● સે-૧૭, ટાઉનહોલ ખાતે સોમવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે આર.એમ.પી.ની મીટીંગ યોજાશે.

સે-૩૦ ઝુલેલાલ-સાંઈબાબા મંદિરમાં છઠ્ઠી ગુરૂ-પૂર્ણિમાની ઉજવણી કરાશે

ગાંધીનગર, તા.૧૭

સેક્ટર-૩૦ સ્થિત શ્રી ઝુલેલાલ સાંઈબાબા મંદિર ખાતે આગામી તા. ૧૯ જુલાઈને મંગળવારના રોજ છઠ્ઠી ગુરૂ-પૂર્ણિમાના પાવન પર્વની શ્રધ્ધા-ભકિત અને હર્ષોલ્લાસ પૂર્વક ઉજવણી કરવામાં આવશે. સવારે ૫.૦૦ કલાકે કાકડ આરતી, ૫.૪૫ કલાકે મંગલ સ્નાન અભિષેક, ૬.૪૫ કલાકે શ્રૃંગાર આરતી અને સવારે ૮.૦૦ કલાકે પાદૂકા પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત મધ્યાહ્ન આરતી બપોરે ૧૨.૦૦ કલાકે તેમજ સાંજે ૫.૦૦ કલાકે ૧૦૮ દિવડાઓની મહાઆરતી કરાશે. સર્વે ભાવિક ભકતોને દર્શન, પૂજા-પાઠ અને પ્રસાદનો લાભ લેવા પ્રમુખ સિંધી પંચાયત અને સાંઈ પરિવાર દ્વારા જણાવાયું છે.

ગોદડીયા પરિવાર દ્વારા તેરમો પર્જન્ય યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૧૭

પાટણ જિલ્લાના કાઠી ગામ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે તા. ૧૯ જુલાઈને મંગળવારના રોજ સવારે ૧૦.૦૦ કલાકે તેરમો પર્જન્ય યજ્ઞ (વરૂણદેવ યજ્ઞ)નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સાંજે ૪.૦૦ કલાકે શ્રીફળ હોમવામાં આવશે. ગોદડીયા પરિવાર દ્વારા જુદા જુદા ગામોમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે કાઠી ગામમાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ તથા ધરતી ઉપર વસતા તમામ જીવોના પ્રાણપ્રશ્ન સમાન પાણીની સમસ્યા હળવી થાય અને મેઘરાજાની સમયસર પધરામણી થાય તેવા હેતુથી તેરમો પર્જન્ય યજ્ઞ યોજાશે. જેનો લાભ લેવા ભાવિકોને જણાવાયું છે.

સે-૨૩ વિરાટનગર સોસાયટીમાં 'વિરાટ' વૃક્ષારોપણ

સમસ્ત બ્રહ્મસમાજ તથા જાયન્ટસ ગૃપના સંયુકત ઉપક્રમે ૫૬ વૃક્ષોનું વાવેતર કરાયું : ધારાસભ્ય, ગુડાના ચેરમેન, સ્થાનિક કોર્પોરેટર સહિત અગ્રણી રહીશો જોડાયા

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગરના સે-૨૩માં સમસ્ત બ્રહ્મસમાજ તથા જાયન્ટસ ગૃપ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગર ઉત્તર બેઠકના ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, વોર્ડ નં. ૪ના કોર્પોરેટર નીલાબેન શુકલ સહિત અગ્રણી રહીશોએ ઉપસ્થિત રહી કુલ ૫૬ રોપાનું વાવેતર કર્યું હતું.

જુલાઈ માસના પહેલા પખવાડિયામાં નગરમાં ચોમસાની સંતોષકારક શરૂઆત થઈ છે. આ પરિસ્થિતિનો લાભ લઈ શહેરમાં વૃક્ષોની સંખ્યા વધારી ફરી ગાંધીનગરને 'ગ્રીન સીટી' બનાવવા નગરજનો કટીબધ્ધ બન્યા છે. સે-૨૩ની વિરાટનગર સોસાયટીમાં પણ આજે વૃક્ષારોપણનો સુંદર

કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત વિરાટનગર સોસાયટી પાસેના જયોતેશ્વર મહાદેવના મંદિર પાસેના સેકટરના બગીચામાં કુલ ૫૬ વૃક્ષો વાવી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે વિરાટનગર સોસાયટીના ૫૬ બંગલા મુજબ ૫૬ વૃક્ષોનું વાવેતર કરાયું છે. અને દરેક ઘર દીઠ એક વૃક્ષના જતનની જવાબદારી પણ સ્વીકારવામાં આવી છે.

વૃક્ષારોપણના સદકાર્યમાં ધારાસભ્ય અશોકભાઈ પટેલ, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, વોર્ડ નં. ૪ના કોર્પોરેટર નીલાબેન શુકલ સહિત સમસ્ત બ્રહ્મસમાજના અગ્રણીઓ બળવંતરાય શુકલ, પંકજભાઈ શુકલ, મુકેશભાઈ શુકલ, નરેન્દ્રભાઈ વ્યાસ, મુકેશભાઈ દવે, ભાગ્યેશભાઈ દવે, પરેશભાઈ દવે, પ્રદિપભાઈ દવે, બિપીનભાઈ જાની, જીતુભાઈ રાવલ, તપન ત્રિવેદી, મહેશભાઈ જાની, કેવલરામ જોષી તથા જાયન્ટસ ગૃપના સભ્યો સાંકાભાઈ પટેલ, બી.એમ. પટેલ, ડી.ટી. પટેલ, અરવિંદભાઈ પટેલ, વી.કે. પટેલ, જે.એમ. પટેલ સહિત વિરાટનગર સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે ગુડાના ચેરમેન આશિષભાઈ દવેએ જણાવ્યું હતું કે, 'વૃક્ષો વાવવા માટે આ ઉત્તમ સમય છે, આગામી સમયમાં પર્યાવરણીય પરિવર્તનોના કારણે આવનારી મુશ્કેલીઓથી ભાવિ પેઢીને બચાવવી હશે તો આપણે વધુને વધુ વૃક્ષો વાવી તેનું જતન કરવું પડશે.' વોર્ડ નં. ૪ના કોર્પોરેટર નીલાબેન શુકલએ પણ વૃક્ષો વાવી પર્યાવરણને બચાવવા રહીશોને હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં જાયન્ટસ ગૃપની સાહેલી પાંખની મહિલા સભ્યો પણ મોટી સંખ્યામાં જોડાઈ હતી.

વાતવાતમાં

● છેલ્લા બે ત્રણ દિવસથી દરરોજ આખા દિવસ દરમિયાન સામાન્ય વાદળ સાથેનું વાતાવરણ રહે છે અને પછી સાંજના સુમારે ઝાપટું વરસે છે. રવિવારે સાંજે તો વરસાદી ઝાપટુ વરસ્યાની ગણતરીની સેંકડોમાં જ તડકો પણ નીકળી આવ્યો હતો.

● રવિવારે બપોર પછી અચાનક પોલીસ હેલ્મેટ માટે સક્રિય બની હતી જેથી રજાની મજા માણવા નીકળેલા અનેક વાહનચાલકો દંડાયા હતા. સે-૨૧માં પોલીસ સ્ટેશનની સામે જ પોલીસે હેલમેટ અંગે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં પીઆઈ મીની જોસેફ ખુદ ચલણ ફાડતા નજરે ચઢયા હતાં.

● સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં આવેલા ભૂકંપના આંચકાઓના કારણે ગાંધીનગરમાં પણ ભારે ઉચાટ છવાયો હતો. જો મોટો ભૂકંપ આવે તો તાત્કાલિક બચાવ કામગીરી માટ તંત્ર સાબદુ બન્યું હતું.

● રથયાત્રાથી તહેવારોની મૌસમનો પ્રારંભ થાય છે. આગામી ગુરૂપૂર્ણિમાના ઉત્સવે વિસનગર નજીકના સમઢિયાળા ખાતે દર્શન કરવા અમદાવાદના ૧૫૦ પદયાત્રીઓ સાથેનો એક સંઘ શહેરમાંથી પસાર થયો હતો.

● વાવોલમાં મોડી રાત્રે ચંદ્રલોક સોસાયટી પાસે ધીંગાણું ખેલાયું હતું. જેમાં લાકડીઓ ઉછળી હતી. ધીંગાણુ ઓવર સ્પીડે હંકારવામાં આવતા વાહનને ધીમે ચલાવવા બાબતે સર્જાયુ હોવાનું અને તે અંગે પોલીસ સ્ટેશને ગુનો પણ નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે.

● ગાંધીનગરમાં કોલેજ પાસે તોડ કરનારા બે પોલીસ જવાનો ઝડપાયા પછી પોલીસ બેડામાં સોંપો પડી જવા પામ્યો છે. આ ઘટનાના પગલે પીસીઆર વાનના પોલીસ કર્મીઓ સૌથી વધુ સતર્ક થઈ જવા પામ્યા છે.

બોલેરો જીપની અડફેટે પ્રૌઢનું કરૂણ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર નજીક વાવોલ-ઉવારસદ રોડ પર આજે બપોરના અરસામાં બેફામ જતી બોલેરો જીપ અને બાઈક સામ સામે ટકરાયા હતા. આ અકસ્માતમાં બાઈક લઈને જતા ઉવારસદ ગામના ૫૦ વર્ષીય પ્રૌઢનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. બનાવ સ્થળ પર લોહીના ખાબોચીયા ભરાઈ ગયા હતાં. તાબડતોબ સેકટર-૭ પોલીસની પીસીઆર વાન સ્થળ પર પહોંચી ગઈ હતી. જો કે હદ અડાલજ પોલીસની હોવાનું જણાતા જરૂરી કાર્યવાહી કર્યા બાદ અડાલજ પોલીસને બોલાવી લેવાઈ હતી. પોલીસે ગુનો દાખલ કરી મૃતદેહ પી.એમ. માટે મોકલીને વધુ તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ ઉવારસદ ગામમાં રહેતા ૫૦ વર્ષીય રઈજીજી રામાજી ઠાકોર આજે સવારે પોતાનું બાઈક નં. જીજે ૧૮ એએસ ૫૫૨૫ લઈને વાવોલ તરફ ગયા હતા. બપોરે વાવોલથી ઉવારસદ પરત આવી રહ્યા હતા ત્યારે ઉવારસદ તરફથી વાવોલ તરફ બેફામ ગતિએ જતી મહીન્દ્રા બોલેરો જીપ નં. જીજે ૦૨ બીપી ૦૪૯૮ની ટકકર બાઈકને લાગી હતી. રઈજીજીએ ગામ તરફ વળવા રોંગ સાઈડ બાઈક લીધી અને બોલેરોની અડફેટ વાગતા બોલેરોના આગળના કાચમાં જઈને રઈજીજી પટકાયા હતા. બોલેરો જીપનો કાચ કુટી ગયો હતો. જયારે બાઈક પણ ફંગોળાઈને રોડના છેડે ફેંકાઈ ગયું હતું. આ ઘટનામાં રઈજીજીને માથે ગંભીર ઈજાઓ થતા તેમનું બનાવ સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. ગ્રામજનો તથા પરિવારજનો ઘટનાની જાણ થતાં જ સ્થળ પર દોડી આવ્યા હતા. સે-૭ પોલીસની પીસીઆર વાન તાત્કાલીક સ્થળ પર આવી ગઈ હતી અને મૃતદેહ પીએમ સુધી પહોંચાડવા સુધીની વ્યવસ્થા કરી હદ અડાલજ પોલીસની હોવાથી અડાલજ પોલીસની ટીમને બોલાવી લીધી હતી. અડાલજ પોલીસે બોલેરો ચાલક સામે ગુનો નોંધી મૃતદેહ પીએમ માટે મોકલી કાર્યવાહી શરૂ કરી છે.

એસ.ટી. વિભાગમાં ડીઝલ કારકુન તરીકે ફરજ બજાવતા કર્મચારીએ પોતાના બંને હાથ બાંધીને ગળે ફાંસો ખાધો

પેથાપુરના યુવાને બિમારીથી કંટાળીને પગલુ ભર્યું હોવાની આશંકા

ગાંધીનગર, તા.૧૭

પેથાપુર ખાતે સંજરી પાર્ક-૧માં રહેતા ૩૮ વર્ષીય કર્મચારીએ આજે પોતાના ઘરે જ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. પંખે દુપટ્ટો બાંધીને પોતાના બંને હાથ બાંધી દઈ તેણે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવ્યું છે. પેથાપુર પોલીસે ઘટના સ્થળે જઈ મૃતદેહ પીએમ માટે મોકલી ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે. યુવાન કર્મચારીના ખિસ્સામાંથી મેડીસીન પ્રીસ્ક્રીપ્શન પણ મળી આવ્યા છે. બિમારીથી કંટાળીને તેણે અંતિમ પગલુ ભર્યું હોવાની શકયતાને આધારે તપાસ શરૂ કરી છે.

પેથાપુર સંજરી પાર્ક-૧ બ્લોક નં.-૮ ખાતે રહેતા ૩૮ વર્ષીય નાસીરભાઈ એન. પરમાર વિરમગામ ખાતે ડીઝલ કારકુન તરીકે એસ.ટી. વિભાગમાં નોકરી કરતા હતા સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ થોડા સમય પહેલા ડેપો મેનેજર સાથે તેમને બોલાચાલી થઈ હતી અને તેના સામે ડીપાર્ટમેન્ટલ એકશન લેવાયા અને બીજે બદલી પણ થઈ ગઈ હતી. છેલ્લા પંદરેક દિવસથી તે મેડીકલ લીવ પર હતાં. અમદાવાદના ડો.અજીત આચાર્યએ લખેલા પ્રીસ્ક્રીપ્શન પણ તેમના ખિસ્સામાં હતા અને ગેંગરીન રોગની પણ દવાઓ ચાલતી હતી. આજે બપોરના અરસામાં પોતાના ઘરે નાસીરભાઈ એકલા હતા ત્યારે રૂમમાં જઈ પંખે દુપટ્ટો બાંધીને પોતાના બંને હાથ કપડાથી બાંધી દીધા બાદ નાના સ્ટુલની મદદથી પંખે લટકી જઈ ગળે ફાંસો ખાઈ લીધો હતો. આ મામલે પેથાપુર પોલીસને જાણ થતા જમાદાર વિજયસિંહ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ પી.એમ. માટે મોકલી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં બિમારીથી કંટાળીને આપઘાત કર્યો હોવાનું પોલીસનું માનવું છે. જો કે નોકરીમાં થયેલી બબાલ કેસમાં તે દિશામાં પણ તપાસ શરૂ કરવામાં આવી છે.

સે-૭ સ્થિત જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર સે-૭ સ્થિત શ્રી જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના ઉપક્રમે એક કાનૂની શિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય વકતા તરીકે પી.એલ.વી. સુધીરભાઈ દેસાઈએ રાઈટ ટુ એજયુકેશન વિશે શાળાની શિક્ષિકા બહેનોને માર્ગદર્શન પુરું પાડયું હતું. આ શિબિરમાં બાળ સુરક્ષા એકમના અધિકારી ગાયત્રીબેન ઉપાધ્યાયે બાળકોની સુરક્ષા-અધિકારો તથા કલ્યાણકારી યોજના વિશે સમજ આપી હતી. આ પ્રસંગે પીએલવી વિમળાબેન અપાચીએ મહિલાઓના અધિકારો તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળની વિશેષ માહિતી આપી હતી. આ શિબિરમાં પીએલવી નટુભાઈ પટેલ, રાજુભાઈ ગજજર, જિગિષાબેન ઉપાધ્યાય, રામભાઈ પરમાર, શાળાના સુપરવાઈઝર પારૂલબેન સી. પુરોહિત અને સુપરવાઈઝર વર્ષાબેન વી. પટેલ તથા શાળાની શિક્ષિકા બહેનો તથા આચાર્ય સંતોકબેન કે. ચૌધરી વગેરે શિબિરનું આયોજન કરવા બદલ સર્વેનો આભાર માન્યો હતો.

વર્ષાઋતુની મોજ માણવા હાથવગું રાખો 'ડોશીમાંનુ વૈદું'

વરસાદના અપ્રિતમ સૌંદર્ય સાથે મૌસમી બિમારીઓની વાસ્તવિકતા પણ જોડાયેલી છે ઘરગથ્થુ ઉપચારો સાથે સચેત રહેવાથી આ અનેરી ઋતુની સાચી મજા માણી શકાય છે

ગાંધીનગર, તા.૧૭

ઋતુઓની રાણી વર્ષારાણીની સવારી આવી પહોંચી છે અને હજુ પણ પોતાનો ખાસ ચાહક વર્ગ ધરાવતી દૂરદર્શનની 'રંગોલી'થી માંડીને આજના એફએમ રેડીયો પર 'સાવન'ના ગીતો ગુંજવા લાગ્યાં છે. વર્ષાઋતુમાં માટીની મહેંકથી માંડીને મોરલાના ટહુકાર, મકાઈની મસ્તીથી માંડીને દાળવડાની જયાફત અને વરસતા વરસાદના રીમઝીમ સંગીતથી માંડીને આકાશે સર્જાતા મેઘધનુષી સૌંદર્ય અખબારોના પાને અને વ્હોટસએપ-ફેસબુકની વૉલ પર છવાયી ગયા છે. જો કે વર્ષાઋતુના આ અપ્રિતમ સૌંદર્યનું એક બીજું રૂપ પણ છે. જેમાં ગંદકી, રોગજન્ય જીવજંતુઓનો ઉપદ્રવ અને ઘરે ઘરે બિમારીના ખાટલા છે. આ સમયે જો આપણા 'ડોશીમાંનુ વૈદું' હાથવગું હોય તો આ અનેરી મૌસમની મજાને બિમારી 'કિરકિરા' નથી કરી શકતી.

આમ તો ઘરગથ્થું ઉપચારો આપણા સામાજિક જીવનમાં એવા વણાઈ ચુકયા છે કે દરેક ઘરે પુણ્યશાળી આત્માના સ્મણાર્થે અને જ્ઞાતિના ગુણીજનોના લાભાર્થે છપાવેલી એકાદ પુસ્તિકા પડી જ હોય છે જેનું શિર્ષક હોય 'આયુર્વેદિક સરળ ઉપચાર' અથવા 'ઘરગથ્થુ નુસ્ખા' એવું કંઈક. આ પુસ્તિકાની હાજરી ઘરમાં હોવા છતાં જયારે તેનો ઉપયોગ કરવાનો હોય ત્યારે તે યાદ જ ન આવે તે પણ લગભગ દરેક ઘરમાં બનતી સામાન્ય બાબત જ છે. હવે તો જો કે વ્હોટસએપ-ફેસબુક જેવા સોશ્યલ મિડિયા પર પણ આ પ્રકારના હાથવગા ઘરગથ્થુ નુસ્ખા જણાવતી અઢળક પોસ્ટ ફરતી જોવા મળે છે. જેમાં તુલસીના પાનથી માંડીને કારેલાના રસ સુધીની તમામ તરકીબો જાણવા મળે છે.

વરસાદના પ્રારંભ સાથે સૌથી પહેલા પાણીના ભરાવાની સમસ્યા અને તેમાંથી મચ્છર-માખીની ઉત્પત્તિ થવાથી બિમારીનો પ્રારંભ થાય છે. ઘણાને તો વાદળોની હાજરી પણ માથાનો દુઃખાવો કરી અકળામણ પેદા કરે છે અથવા હાથ પગ પાણી પાણી કરી મૂકે છે. આ સીઝનલ બિમારીઓથી બચવાની ટીપ્સ દરેક કુટુંબની માતા પાસે અચૂક હોય છે. આમ છતાં કેટલીક હાથવગી ઉપયોગી જાણી લેવા જેવી ખરી. આયુર્વેદનો આધાર વાત્ત, પિત્ત અને કફ આ ત્રણ દોષો આધારિત રહ્યો છે. વ્યકિતના

શરીરની પ્રકૃતિમાં કયા પ્રકારના દોષનું પ્રભુત્વ કેટલું છે તેના આધારે તેના શરીરના ગઠન તથા તેને થઈ શકનાર રોગોની શકયતાને નિષ્ણાંતો ઓળખે છે. સામાન્ય માણસને આ ત્રણ દોષોને જાણવાની કે સમજવાની ઝંઝટમાં પડયા વિના બિમારીને ઝટ ભગાવવાની ઉતાવળ હોયછે. પરંતુ થોડીક ધીરજ સાથે જો ઘરગથ્થું ઉપચાર કરાય તો બિમારી ભાગવા સાથે ખિસ્સુ હળવું થતા પણ બચી શકે છે.

વરસાદની ઋતુમાં સૌથી સામાન્ય બિમારી એ વાઈરલ તાવની તથા મેલેરિયાના તાવની હોય છે. કોઈ પણ જાતનો તાવ આવ્યો હોય તો બે આની ભાર મીઠુ ગરમ પાણીમાં દિવસમાં ત્રણ વાર લેવાથી તાવ ઉતરી જાય છે અને તાવ ઉતર્યા પછી સવાર-સાંજ દોઢ આની ભાર મીઠું બે દિવસ લેવાથી તાવ પાછો આવતો નથી. ફુદિનાનો કે આદુનો ઉકાળો પીવાથી કે તુલસી અને સુરજમુખીના પાન વાટીને તેનો રસ પીવાથી પણ તાવ મટે છે. મરીનું ચૂર્ણ મધમાં તુલસીના રસ સાથે પીવાથી અથવા અઢીગ્રામ જેટલો અજમો ગળી જવાથી ટાઢિયો તાવ મટે છે. આ ઋતુમાં બીજી બિમારી કફ-ઉધરસની થાય છે. તાજી ડુંગળીનો રસ પીવાથી કે તેમાં ગોળ કે મધ મિકસ કરી પીવાથી કફ મટે છે, કફ માટે લસણનો ઉકાળો, આદુનો રસ, સિંધવ મીઠા સાથે લીંબુનો રસ પણ ગુણકારી છે. રાત્રે સુતી વખતે ત્રણ ચાર તોલા શેકેલા ચણા ખાઈ ઉપર ગરમ પાણી પીવાથી અથવા સવારે ત્રણ ચાર ખજૂર ખાઈ ઉપર ગરમ પાણી પીવાથી પણ કફ છુટો પડે છે. કફ માટે હળદર ગરમ દૂધ સાથે લેવાથી પણ ફાયદો થાય છે. વરસાદમાં પલળવાથી જો કાનની પીડા ઉપડી હોય તો તેલમાં લસણની કળી કકળાવી તે તેલને ઠંડુ પાડી તેના ટીપા કાનમાં નાંખવાથી કાનના સણકા બંધ થાય છે અથવા આદુનો રસ સ્હેજ ગરમ કરી તેને કાનમાં નાંખવાથી પણ પીડા બંધ થાય છે. જો બાળકોને વરસાદી પાણીમાં રમવાથી ગુમડા થાય તો ઘઉંના લોટમાં હળદર અને મીઠુ નાંખી પોટીસ બનાવી તેનો પાટો બાંધવાથી ગુડું પાકીને કુટી જાય છે. ગળુ આવે તો મોઢામાં લવિંગ રાખવું, જીવજંતુ ડંખ મારે તો હળદર ઘસીને સ્હેજ ગરમ કરી ચોપડવી, કોઈ પણ ઝેરી જંતુ કરડે તો તુરંત તુલસીના પાનને પીસીને ડંખ પર મસળવાથી ઝેરની અસર નાબૂદ થાય છે. આવા તો અનેક ઘરગથ્થુ ઉપચારો જે હાથવગા છે તે અપનાવી વર્ષાઋતુની સાચી મજા માણી શકો છો.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

સે-૩ બી માં ઉભરાતી ગટરોથી રહિશો ત્રસ્ત

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર શહેરના સેકટર-૩ બી ખાતે આવેલા પ્લોટ નંબર ૧૨૯૮ થી ૧૩૦૪-૨ સુધીના ઘર પાસે આવેલ મેઈન ગટરોમાંથી ગંદા પાણીનો પ્રવાહ અવિરત ચાલી રહ્યો છે. ગંદા પાણી માર્ગ પર ફરી વળતા ઘર પાસે ખાબોચીયા અને ગંદકીથી ખદબદતી ગંદકીમાં રહેવા નાગરીકો મજબુર બન્યા છે. એક તરફ વરસાદી સિઝનને પગલે કાદવ-કિચડ તો છે જ ત્યારે મુસીબતમાં વધારો થયો હોય તેમ ગટરોના ગંદા પાણી ઉભરાતા સ્થાનિક રહીશો ત્રાહીમામ પોંકારી ઉઠ્યા છે. નગરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ માથું ઉચકયું છે. ત્યારે સેકટર-૩ના રહીશોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. મચ્છરોના ઉપદ્રવને પગલે રહીશોને રાત્રીના સમયે ઉંઘ પણ નથી આવતી. તંત્ર દ્વારા ચોમાસા પૂર્વે શહેરોની ગટરોની સફાઈ હાથ ધરવામાં આવી હતી. છતા સેકટરોમાં ઠેકઠેકાણે ગટરોની સમસ્યા સર્જાઈ રહી છે. આ અંગે સે-૩બીના જાગૃત નાગરીક નારણભાઈ ચુડાસમાએ આ સમસ્યાનું નિવારણ તાત્કાલીક ધોરણે આવે તે અંગે પાટનગર યોજના વિભાગ, મનપા કમિશનર, મેયર, મંત્રીશ્રી શહેરી વિકાસ તેમજ સેકટર-૩ ઈન્ક્વાયરી ખાતે પણ લેખીત રજુઆત કરી છે.

સરઢવ ગામમાંથી પાંચ શકુનીઓ પકડાયા

ગાંધીનગર, તા.૧૭

પેથાપુર પોલીસ સ્ટેશનના પીએસઆઈ તરીકે ચાર્જ લઈ પીએસઆઈ એલ.એસ. ચૌધરી તથા તેમની ટીમે પહેલો જ દરોડો બાતમી આધારે સરઢવ ગામમાં પાડયો હતો. સરઢવ ગામની સીમમાં સાંકા જોઈતા પટેલના બોરકુવા પર જાહેરમાં જુગાર રમાતો હોવાની બાતમી આધારે ગઈ સાંજે પીએસઆઈ ચૌધરી તથા તેમની ટીમે દરોડો પાડતા નાસભાગ મચી જવા પામી હતી. પોલીસે કોર્ડન કરી પાંચેય શખ્સોની ધરપકડી કરી રૂ. ૧૦,૭૨૦ રોકડા જપ્ત કર્યા હતા. પોલીસે સરઢવ ગામના જીજ્ઞેશ જયંતી પટેલ, બળદેવ કેશવ પટેલ, બાબુ પ્રહલાદ પટેલ, અરવિંદ રણછોડ પટેલ અને દીલીપ ઈશ્વર પટેલ મળીને પાંચેય શખ્સોની પકડી તેમની સામે જુગાર ધારા હેઠળ ગુનો દાખલ કરીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ચિરવિદાય

- સ્વ. શંકરજી રમણજી ઠાકોર, ઉ.વ. ૨૪
- સ્વ. વિજયજી બાબુજી ઠાકોર, ઉ.વ. ૩૨
- સ્વ. રેવાબેન કાળાજી ઠાકોર, ઉ.વ. ૭૫
- સ્વ. વિમળાબેન બાબુભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૪૮